મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૬-૧૨-૨૦૨૪
ગુરૂવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૬૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણા ખાતે નમો i-Hub સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું

# દેશમાં મહેસાણા નમો i-Hub સેન્ટર પ્રતિભાઓનું પથદર્શક બનશે : ઋષિકેશ પટેલ







(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

દુનિયા સાથે હરોળમાં ઊભા રાખવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ યુવાઓને પ્લેટફોર્મ આપવા તેમના વિચારને આકાર આપવા **i-Hub** સેન્ટરનો પ્રારંભ કરેલ છે.

'માઈન્ડ થી માર્કેટ' સુધી પ્રતિભાશાળીના કૌશલ્ય માટે સ્ટાર્ટઅપ મહત્વપૂર્ણ છે.સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમમાં ભારત ત્રીજા નંબરે છે તે વડાપ્રધાનશ્રીને આભારી છે' એમ આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે મહેસાણા ખાતે નમો **i-Hub** ના ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું હતું.

ભારતનું પ્રથમ જિલ્લા સ્ટાર્ટઅપ અને ઈનોવેશન હબ નમો **i-Hub** સેન્ટરનું આજ રોજ ઉદ્‌ઘાટન કરતાં મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ' મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ચાર ઝોનમાં રૂ.૨૫ કરોડના ખર્ચે બનાવવાનું નક્કી કરેલ છે પણ જિલ્લા સ્તરે દેશમાં મહેસાણા નમો આઈ હબ સેન્ટર પ્રતિભાઓનું પથદર્શક બનશે. સરકાર સાથે જિલ્લા વહીવટી તંત્ર અને કલેકટરશ્રી નાગરાજનના ઉર્જાવાન પ્રયત્નથી યુવાઓના સપના સાકાર કરવાનું સ્ટાર્ટઅપ મક્કમ પ્લેટફોર્મ છે. જિલ્લા વહીવટી તંત્ર ધારા દ્વારા નમો આઈ હોબ કૌશલ્યવાનના વિચાર બીજ અને સામર્થ્ય ને અવસર આપશે. મહેસાણા દેશના ૭૮૩ જિલ્લા માટે પ્રેરણાશક્તિ બનશે એમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ તકે મંત્રીશ્રીએ બ્રાન્ડ એમ્બેસેડર આર.જે. સલોની તેમજ સોશિયલ મીડિયાના ઈન્ફલુઅન્સરોને વધુમાં વધુ પ્રતિભાઓ સ્ટાર્ટઅપ મિશન તરફ પ્રેરાય તેવા પ્રયત્નો કરવા અનુરોધ કર્યો હતો.

કલેકટરશ્રી એમ.નાગરાજને પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે,'વડાપ્રધાનશ્રીના ફોલો મિશનને જમીન પર ઉતારવાનું પ્લેટફોર્મ' 'નમો આઈ હબ' છે. ભારત ૨૦૩૦ માં સૌથી મોટો યુવા દેશ હશે ત્યારે જિલ્લા સ્તરના યુવાઓને વિશ્વ અને મોટા શહેરોની સમકક્ષ લાવવામાં આઈ હબ મહત્વપૂર્ણ બનશે. યુવાઓને શક્તિ આપવાનો આ અવસર છે. પ્રતિભાના વૈકલ્પિક અને હકારાત્મક ઈનોવેશનનું નમો આઈ હબ કેન્દ્ર બનશે.'

જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. હસરત જૈસ્મિનને નમો આઈ હબ સેન્ટર વિશે માહિતગાર કરતા જણાવ્યું હતું કે,' હબ ટાઉન ,મોઢેરા ચાર રસ્તા ખાતે આવેલનમો આઈ હબ સેન્ટર પ્રારંભ થતાં મહેસાણા માટે આજે ગૌરવપૂર્ણ દિવસ છે. યુવાઓની ઊર્જા નોંધનીય છે અને ગ્લોબલ લીડરશીપ માટે મહેસાણા તૈયાર છે. જે વિકસિત ગુજરાતથી વિકસિત ભારતમાં પોતાનું યોગદાન આપશે.

હબના મેન્ટરશ્રી ડો. વસુધા દુગ્ગલે સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ વિશેના નોંધનીય તારણો રજૂ કરતા જણાવ્યું હતું કે ,'સ્ટાર્ટ અપ ઈનોવેશન માટે મહેસાણામાં ઉત્તમ પોટેન્શિયલ જોવા મળે છે. સ્વાગત પ્રવચનમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી જશવંત જેગોડાએ નમો આઈ હબની ભૂમિકા પૂરી પાડી હતી.

મંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે સીએસઆર હેઠળ ફંડિંગ કરનાર વિવિધ ૯ કંપનીઓનું પણ મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પ્રજાપતિએ આભાર વિધિ કરી હતી.

આ તકે મંત્રીશ્રીએ સેન્ટરમાં પોતાના નવા ઈનોવેશન રજૂ કરનારા દસ તાલુકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓની નવી શોધને સમજી હતી તેમજ તેમનું પ્રદર્શન નિહાળ્યું હતું.

આ પ્રસંગે અમૃત મહેસાણાના મિશન સ્ટાર્ટ અપ ઈનોવેશનની પ્રતિભાવો અને સહભાગીદારીતા નોંધાવનાર સૌનું મોમેન્ટો આપી મંત્રીશ્રી સહિત મહાનુભાવોએ સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં એમ.એસ.યુ એનએસડીએસ- અમસીન તેમજ બ્રાઈડ સ્માઈલ અને આઈબીએમ- એઆઈ પ્રોરામના સમજુતી કરાર કરવામાં આવ્યા હતા....

આ પ્રસંગે અગ્રણી શ્રી ગીરીશભાઈ રાજગોર, રાજ્યસભાના સાંસદશ્રી મયંકભાઈ નાયક, લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ, ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ અને ધારાસભ્યશ્રી ડો.સી.જે. ચાવડા ,દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી, સાકળચંદ યુનિવર્સિટીના ચેરમેનશ્રી પ્રકાશભાઈ પટેલ સહિત વિવિધ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તેમજ શિક્ષણવિદો અને જિલ્લા તેમજ તાલુકાના વહીવટીતંત્રના સંબંધિત અધિકારીશ્રીઓ અને પ્રતિભા સંપન્ન યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડૂતો આનંદો : રાજયના ખેડૂતો માટે સારા સમાચાર સામે આવ્યા

# કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળશે

### ગુજરાતના કુલ ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦,૫૧,૧૪૫ જેટલા ખેતીવાડી વીજ જોડાણો કરવામાં આવ્યા છે

ગાંધીનગર,તા.૨૪

રાજયના ખેડૂતો માટે સારા સમાચાર સામે આવ્યા છે. કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજયના ખેડૂતોને દિવસે વીજિલી આપવામાં આવશે. સુશાસન દિવસ' નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા લાખો ખેડૂતોના હિતમાં દિવસે વિજળી આપવાના મહત્વના નિર્ણયનો રાજ્યના ૯૬ ટકા ગામોમાં અમલ કરીને ખેડૂતોને રાત્રે ઉજાગરામાંથી મુક્તિ આપવામાં આવી છે. ગુજરાતના કુલ ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦,૫૧,૧૪૫ જેટલા ખેતીવાડી વીજ જોડાણો કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૬,૫૬૧ ગામના ૧૮,૯૫,૭૪૪ જેટલા ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવાનું શરુ કરી દેવામાં આવ્યું છે, તેમ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

ઊર્જા મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ''કિસાન સૂર્યોદય યોજના'' અંતર્ગત ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે. જેમાં બાકી રહેતા ૪ ટકા ગામો પૈકી મોટા ભાગના ગામો દેવભૂમિ દ્વારકા, કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના છે. આ બાકી રહેલા ૬૩૨ જેટલા ગામના ૧,૫૫,૪૦૧ જેટલા ખેડૂતોને એટલે કે ૪ ટકા ગામના ખેડૂતોને પણ સત્વરે દિવસે વીજળી આપી શકાય તે માટેની કામગીરી પ્રગતિમાં છે અને આ કામગીરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઊર્જામંત્રી દેસાઈએ જણાવ્યું




કે, દિવસે વીજળી મેળવી રહેલા ૧૬,૫૬૧ ગામના ખેડૂતો પૈકી ૧૧,૯૨૭ ગામના ખેડૂતોને સિંગલ શિફ્ટમાં સવારે ૮ થી સાંજના ૪ અને સવારે ૯ થી સાંજના ૫ વાગ્યાના સમય દરમિયાન દિવસે વીજળી આપવામાં આવે છે તથા ૪,૬૩૪ ગામના ખેડૂતોને બે શિફ્ટમાં એટલે કે સવારે ૫ થી બપોરના ૧ અને બપોરના ૧ થી સાંજે ૯ વાગ્યા સુધી દિવસે વીજળી આપવામાં આવી રહી છે, તેમ મંત્રીએ ઉમેર્યુ હતું.

ઊર્જા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સુશાસનના ભાગરૂપે આજે ગાંધીનગર જિલ્લામાં નાનાચીલોડા અને સરગાસણ, બનાસકાંઠાના થરાદ, અમદાવાદના ઘુમા અને બાકરોલ તેમજ ખેડા જિલ્લામાં પીપલગ ખાતે એમ કુલ ૬ નવી પેટા વિભાગીય કચેરીઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં અંદાજે ૨૫૧ જેટલા અધિકારી – કર્મચારીઓનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

વધુમાં, છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦ નવી પેટા વિભાગીય અને ૩ વિભાગીય કચેરીઓ મંજૂર કરીને રાજ્ય સરકારે સતત ખેડૂતોના હિતની ચિંતા કરી છે. છેલ્લા દાયકામાં ખેડૂતોને ૧૦ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે, એટલે કે વર્ષે સરેરાશ ૧ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે. હાલમાં નવીન ખેતીવાડી વીજ જોડાણ આપવામાં કોઈ પણ જાતનો વાંધો કે વિરોધ ન આવે તો ૩-૪ મહિનામાં વીજ જોડાણ આપી દેવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૨,૨૩૮ યુનિટ છે જે દેશની સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૧,૨૫૫ કરતાં લગભગ બમણા જેટલો છે, જે રાજયના વિકાસને પ્રતિબિંબિત કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરાયેલ ''પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના'' હેઠળ દેશના ૧ કરોડના લક્ષ્યાંક સામે ગુજરાતમાં ૨ લાખ ૪૨ હજારથી વધુ વીજ ગ્રાહકોના મકાન પર ૯૦૦ મેગા વોટથી વધુ ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરીને ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. આ ઉપરાંત પીએમ કુસુમ-**C** યોજના હેઠળ ફીડર લેવલ સોલરાઈઝેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં આગળ પડતું રાજ્ય છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૦૮.૫૭૦ મેગાવોટના ૩૭ પ્લાન્ટ કાર્યરત થયા છે, જેનો ૪૮,૬૪૮ ખેતીવાડી વીજ ગ્રાહકોને લાભ મળ્યો છે.હાલમાં ગુજરાત **Renewable Energy io** ની ૩૦ ગીગાવોટની કેપેસિટી સાથે સમગ્ર દેશમાં અગ્રેસર છે, તેમ ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું

## શાળા-કોલેજમાં જતાં વિદ્યાર્થીઓએ કાતિલ ઠંડીનો સામનો કરવો પડ્યો હતો

# મહેસાણા જિ.માં ૨૧ ડીગ્રી તાપમાન હોવાથી ઠંડીનું જોર ઘટયું : લોકોએ બહાર બેસી મીઠા તડકાની મજા માણી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મહેસાણા શહેરમા દિવસેને દિવસે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે.ત્યારે શહેરમા આજે ૯ વાગ્યા સુધીમાં ૨૧ ડીગ્રી તાપમાન નોધાયું છે.ત્યારે આજે મહેસાણા શહેરમાં ઠડીનું પ્રમાણ ઘટ્યું છે.ત્યારે બપોર સુધી લોકોને દિવસ દરમિયાન ઠંડી અનુભવાતી હોય છે.



મહેસાણા શહેર સહિત જિલ્લા ભરમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે.ત્યારે વહેલી સવાર થી લઈ દિવસ દરમિયાન લોકો ઠંડી અનુભવતા હોઈ છે.ત્યારે આજે મહેસાણા શહેર મા ૨૧ ડીગ્રી તાપમાન હોવાથી ઠડીની અસર જોવા મળતી નથી ત્યારે લોકો બહાર બેસી મીઠા તડકાની મજા માણી રહ્યા છે . બીજી બાજુ સવારે નોકરી ધંધાર્થે જતા લોકો અને શાળા કોલેજમાં જતા વિદ્યાર્થી કાતિલ ઠંડીનો સામનો કરવો પડ્યો નહોતો.ત્યારે વહેલી સવારે પણ રોડ રસ્તા પર લોકોને અવરજવર માં અસાની રહી હતી .આજે મહેસાણા શહેરમા ૯ વાગ્યા દરમિયાન વાતાવરણ નું તાપમાન ૨૧ ડીગ્રી નોધાયું હતું.જ્યાં બપોર સુધી ઠંડીનો ચમકારો જોવા મળતો હોય છે.

## વિવિધ દેવળોમાં ખ્રિસ્તી બિરાદરો ઉમટી પડી પ્રાર્થના બાદ શુભેચ્છા પાઠવી હતી

# મહેસાણા જિલ્લામાં ખ્રિસ્તીભાઈ-બહેનોએ પ્રભુ ઈસુ ખ્રિસ્તના જનમ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી




(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

મહેસાણા શહેર સહિત જિલ્લાભરમાં હજારો ખ્રિસ્તી ભાઈ-બહેનો દ્વારા આજરોજ પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ દિવસની આનંદ ઉલ્લાસથી વધાવી નાતાલ પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મહેસાણા શહેરમાં આવેલા ચર્ચ સહિત જિલ્લાના વિવિધ દેવળોમાં ખ્રિસ્તી બિરાદરો ઉમટી પડ્યા હતા અને પ્રાર્થના બાદ એકબીજાને મેરી ક્રિસમસ કહી શુભેચ્છાઓ પાઠવી હતી.

નાતાલના દિવસે વહેલી સવારથી જ શહેર સહિત જિલ્લાભરના ચર્ચોમાં ખ્રિસ્તી સમુદાયનો માનવમહેરામણ દર્શનાર્થે ઉમટી પડયો હતો. સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન દરેક ચર્ચોમાં પ્રાર્થનાસભા યોજાઈ હતી અને ખ્રિસ્તી ભાઈ-બહેનોએ અરસ-પરસ એકબીજાને પ્રભુ ઈસુના જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ લોકોને પ્રભુ ઈસુએ આપેલો પ્રેમ અને માફીનો સંદેશો આપવામાં આવ્યો હતો. સાથે-સાથે વિવિધ મંડળો દ્વારા દાન સ્વરૂપે ગરીબોને કપડા, મીઠાઈ, અનાજ સહિતની ચીજવસ્તુઓ પણ આપવામાં આવી હતી.

ફાધર સાલવાડોર ફર્નાન્ડિઝ એ જણાવ્યું કે ક્રિસમસ એટલે નાતાલ નાતાલ એટલે પ્રભુ ઈશુંનો જન્મ બાળ સ્વરૂપ માં પ્રભુ ઈશું જગતમાં પધારે છે.અને ઈશ્વર આપણને ખૂબ પ્રેમ કરે છે.એટલા માટે પોતાના એકના એક પુત્રને આપી દીધો છે.જેથી કરીને કોઈ શ્રદ્ધા રાખે તે નાસ ન પામે પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે છે. એ તો શબ્દ હતો માનવ થઈને આ દુનિયામાં આપણી વચ્ચે પધારે છે.

# મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતાં ડૉ. મહેશ કાપડિયાની બદલી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

અનેક વિવિદોમાં રહેલા મહેસાણા જિલ્લા આરોગ્ય અધિકારી ની બદલી કરવામાં આવી.મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા ડો.મહેશ કાપડિયા ની બદલી પાટણ ખાતે કરવામાં આંવી છે.



મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા ડો.મહેશ કાપડિયા સહિત અન્ય ચાર જિલ્લા ના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ત્યારે મહેસાણા જિલ્લા આરોગ્ય અધિકારી ડો.મહેશ કાપડિયા ની પાટણ જિલ્લામાં બદલી કરવામાં આવી છે.ત્યારે હવે મહેસાણા જિલ્લા ના નવા આરોગ્ય અધિકારી તરીકે પાટણ થી આવેલા ડો.દિવ્યેશ પટેલ ની નિમણૂક કરવામાં આવી છે.




# ભારતીય સંસ્કૃતિમાં વણાયેલાં લોકતાંત્રિક મૂલ્યો

ભારતમાં લોકતંત્રની દશા-દિશાને લઈને ચાલતી ચર્ચાઓ વચ્ચે જાણવું જરૂરી છે કે ભારત ન માત્ર વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે, પરંતુ લોકતંત્રની જનની પણ છે. લોકતંત્ર ભારતનો આત્મા છે. ભારતમાં લોકતાંત્રિક મૂલ્યો અને અવધારણાઓનો વિકાસ ૧૨૧૫માં જારી કરવામાં આવેલ ઇંગ્લેન્ડના કાનૂની પરિપત્ર મેગદ્ધાકાર્ટાથી નહીં, પરંતુ સહયોગ, સમન્વય અને સહ-અસ્તિત્વ પર આધારિત પ્રાચીન અને સનાતન સાંસ્કૃતિક વિચાર પ્રવાહ અને જીવન દર્શનથી થયો છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ, મહાકાવ્ય વગેરે ગ્રંથોમાં વિશ, જન, પ્રજા, ગણ, કુલ, ગ્રામ, જનપદ, સભા, સમિતિ, પરિષદ, સંઘ, એકમ જેવા અનેક શબ્દો અને સંસ્થાઓના ઉલ્લેખ મળે છે, જે પુષ્ટિ કરે છે કે પ્રાચીન ભારતમાં પણ લોકતંત્રનું અસ્તિત્વ હતું. વૈદિક વાંગ્મય પર નજર નાખવાથી બે પ્રકારની ગણતંત્રાત્મક વ્યવસ્થાઓ સામે આવે છે. એક, જેમાં રાજા ચૂંટી શકાતો હતો અને બીજી, જેમાં રાજ્યની શક્તિ સભા કે પરિષદમાં સમાયેલી રહેતી હતી. વૈદિક રાજાની ચૂંટણી સમિતિમાં એકત્રિત થનારા લોકો દ્વારા કરવામાં આવી હતી. સમિતિ સાર્વજનિક કાર્યોને સંપાદિત કરનારી સંસ્થાઓમાં સર્વપ્રમુખ હતી. તે જનસામાન્યનું પ્રતિનિધિત્વ કરતી હતી. તં જ સભા સમિતિને અધીન કાર્ય કરતી હતી. ઉલ્લખનીય છે કે સમિતિ અને સભાની સદસ્યતા જન્મને બદલે કર્મ પર આધારિત હતી. નીતિ, સૈન્ય અને સાર્વજનિક હિતો સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર વિમર્શ અને નિયમન માટે વિદથ-સભાનો પણ ઉલ્લેખ મળે છે, જેનો પ્રયોગ ઋગ્વેદમાં સોથી વધુ વખત કરવામાં આવ્યો છે.

રામાયણ અને મહાભારતના પ્રસંગોથી પણ વિદિત થાય છે કે રાજા નિર્ણય પ્રક્રિયામાં પ્રજાના મત અને જનપદ-પ્રતિનિધિઓના પરામર્શને વિશેષ મહત્ત્વ આપતા હતા. શ્રીરામ દ્વારા માતા સીતાના પરિત્યાગના કરુણ વૃત્તાંતમાં પણ રાજા દ્વારા જન વિચારોને પ્રાથમિકતા આપવાની ભાવના દેખાય છે. રાજા નિરંકુશ નહોતા થતા. તે નીતિ, ધર્મ, પરંપરા અને લોકમર્યાદા સાથે બંધાયેલા રહેતા.

રાજા દશરથ અને કુલગુરુ વશિષ્ઠ ભાવિ રાજા રામને એ ઉપદેશ આપે છે કે પ્રજાના હિતની નિરંતર ચિંતા, મંત્રીઓ-સેનાપતિઓ-અધિકારીઓ સાથે સતત વિચાર-વિમર્શ રાજાનાં મુખ્ય કર્તવ્ય હોય છે. રામાયણના બાલકાંડના સાતમા સર્ગમાં રાજા દશરથના યશસ્વી હોવાનું કારણ રાજ્યના મુખ્ય કાર્યોમાં તેમના મંત્રીમંડળની સહભાગિતા છે, જેમાં આઠ મંત્રી રહેતા હતા. રાજા દશરથના રાજ્ય સંબધી અથવા અન્ય કોઈપણ યોજના સંબંધી વિષયોમાં એક વિશાળ મંત્રીસમૂહની ભૂમિકા તેમની લોકતાંત્રિક દષ્ટિનો બોધ કરાવે છે. મહાભારતના શાંતિ પર્વના અધ્યાય ૧૦૭/૧૦૮માં ગણરાજ્યોની વિશેષતાઓનું વિસ્તૃત વિવરણ મળે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે એક ગણતંત્રના લોકોમાં એક્તા હોય છે તો તે શક્તિશાળી થઈ જાય છે અને તેના લોકો સમૃદ્ઘ થઈ જાય છે તથા આંતરિક સંઘર્ષોની સ્થિતિમાં તે નષ્ટ થઈ જાય છે. આ જ પર્વમાં પિતામહ ભીષ્મ યુધિષ્ઠિરને લોક કલ્યાણકારી રાજ્યની સ્થાપનાનો ઉપદેશ આપતાં કહે છે કે રાજાએ પ્રજાના હિતની રક્ષા અને ધર્મનું અનુસરણ કરવું જોઈએ તથા તેને સભાસદો, પ્રકૃતિજનો અને પ્રજાજનો પ્રત્યે ઉત્તરદાયી હોવું જોઈએ.

બૌદ્ઘ અને જૈન ગ્રંથોમાં જોવા મળે છે કે ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ઘના કાળમાં ભારતના ઉત્તર-પૂર્વ ભાગમાં અનેક ગણરાજ્ય વિદ્યમાન હતા. તેમાં વૈશાલીના લિચ્છવી, કપિલવસ્તુના શાક્ય, સુમસુમાર પર્વતના ભગ્ગ, કેસપુત્તના કાલામ, રામગ્રાના કોલિય, કુશીનારાના મલ્લ, પાવાના મલ્લ, પિપ્પલિવનના મોરિય, મિથિલાના વિદેહ અને અલકપ્પના બુલિ વગેરે મુખ્ય હતા. લિચ્છવિઓએ આસપાસના અન્યાય ગણોને ભેળવીને વજ્જિસંઘ નામનો એક સંયુક્ત સંઘ પણ બનાવ્યો હતો. આ ગણરાજ્યોની સર્વોચ્ચ શક્તિ એક ગણસભા કે સંસ્થાગારમાં સમાયેલી હતી, જે લગભગ આજની સંસદ જેવી હતી. કોરમની પૂર્તિ, પ્રસ્તાવ મૂકવા, મતગણના વગેરેના સુસ્પષ્ટ અને નિશ્ચિત નિયમો હતા. વિરોધ કે મતભેદ વગેરે પેદા થાય તો ગુપ્ત મતદાનની વ્યવસ્થા હતી. એકપણ્ણ જાતક અનુસાર લિચ્ચવી ગણરાજ્યની કેન્દ્રીય સમિતિમાં ૭,૭૦૭ રાજા (સદસ્ય) હતા. આ જ પ્રકારે તમિલનાડુમાં દસમી શતાબ્દીના પૂર્વાર્ધમાં પરાંતક ચોલ પ્રથમના શાસનકાળમાં ઉત્કીર્ણિત કાંચીપુરમના ઉત્તરમેરુરના શિલાલેખોથી તત્કાલીન લોકતાંત્રિક વ્યવસ્થાના વિવિધ આયામોની વિસ્તૃત જાણકારીઓ પ્રાપ્ત થાય છે. તત્કાલીન ચૂંટણી પ્રક્રિયામાં સુચિતા એવી હતી કે ઉમેદવારોની અનિવાર્ય લાયકાતોમાં એક સંપત્તિની સાર્વજનિક ઘોષણા પણ હતી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ફ્લાઇટ ટિકિટમાં રૂપિયા બે હજારથી વધુનો વધારો

# ક્રિસમસ વેકેશન હવે ટ્રીપ મોંઘી થઈ, એરલાઇન્સના ભાડા વધતાં બુકિંગ ઘટ્યું

### ક્રિસમસને પગલે એરલાઈન્સના એક વ્યક્તિ દીઠ રાઉન્ડ ટ્રીપમાં રાજકોટથી ગોવાનું ભાડું રૂપિયા ૯ હજાર ૫૦૦થી વધી રૂપિયા૧૧ હજાર થઈ ગયું છે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત સહિત દેશભરમાં ક્રિસમસનીઉજવણીનો લોકોમાં અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આ દરમિયાનમાં ગુજરાતીઓ મીની ટ્રીપનું આયોજન કરતા હોય છે. જેમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા જેવા મહાનગરોમાંથી લોકો ગોવા, દુબઈ, સિંગાપોર, મલેશિયા સાથે વિયેતનામ જવાનું વધારે પસંદ કરે છે. બીજી તરફ ક્રિસમસને પગલે એરલાઈન્સના ભાડામાં તોતિંગ વધારો થયો છે. જેના કારણે વેકેશન ટ્રીપ બની મોંઘી બની છે. સામાન્ય દિવસો કરતા ક્રિસમસના દિવસોમાં ફ્લાઈટના ભાડામાં ૧૫થી ૨૦ ટકાનો વધારો થયો છે.ક્રિસમસને પગલે એરલાઈન્સના એક વ્યક્તિ દીઠ રાઉન્ડ ટ્રીપમાં રાજકોટથી ગોવાનું ભાડું રૂપિયા ૯ હજાર ૫૦૦થી વધી રૂપિયા૧૧ હજાર થઈ ગયું છે. જ્યારે અમદાવાદથી દુબઈની ફ્લાઈટનું ભાડું રૂપિયા ૩૩ હજારથી વધી રૂપિયા૩૭ હજાર થયું છે. જ્યારે વડોદરા અને સુરતથી પોર્ટબ્લેરની ફ્લાઈટનું ભાડું રૂપિયા. ૨૯ હજાર ૫૦૦થી વધી રૂપિયા૬૫ હજાર થયું છેટુર ટ્રિપના સંચાલકોના જણાવ્યા મુજબ કે રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદથી લોકો એક અઠવાડિયા માટે ફેમિલી ટ્રીપ ઉપર અલગ અલગ ટુરિસ્ટ પ્લેસ ઉપર જવાનું પસંદ કરતા હોય છે. ટુરિસ્ટ પ્લેસમાં ડોમેસ્ટિક ડેસ્ટિનેશનમાં ગોવા, કેરેલા, હિમાચલ પ્રદેશ અને નજીકના સ્થળોમાં રાજસ્થાન જવાનું લોકો વધુ પસંદ કરતા હોય છે અને સૌરાષ્ટ્રમાં સોમનાથ, દ્વારકા અને દીવ લોકો જતા હોય છે.રાજકોટથી ગોવાની ફ્લાઈટમાં સામાન્ય દિવસોમાં રૂપિયા ચાર હજાર ૫૦૦થી રૂપિયા પાંચ હજારમાં વન વે ફ્લાઈટ મળતી હોય છે અને ક્રિસમસમાં આજ ફ્લાઈટનું ભાડું રૂપિયા ૬ હજાર ૫૦૦થી રૂપિયા ૭ હજાર થઈ જાય છે. જ્યારે અમદાવાદથી દુબઈની ફ્લાઈટમાં રેગ્યુલર સીઝનમાં આ ફ્લાઈટનું ભાડું રૂપિયા ૨૮ હજારથી રૂપિયા ૩૨ હજારની આસપાસ હોય છે. જ્યારે ક્રિસમસમાં આ ભાડું વધીને રૂપિયા ૪૦ હજાર થઈ જાય છે.

## બાબાસાહેબની નવી પ્રતિમાનું અનાવરણ કરાયું

# અમદાવાદમાં બાબાસાહેબની પ્રતિમાં ખંડિત કરનાર બે આરોપીનું પોલીસે સરઘસ કાઢયું

### મૂર્તિ તોડનારે કાન પકડી ડો.આંબેડકરની માફી માગી : અન્ય ત્રણ ફરાર : આરોપીઓને ઝડપી લેવા માંગ

(ગરવી તાકાત) અમદાવાદ,તા.૨૫

ડો.બાબાસાહેબ આંબેડકરની મૂર્તિને પથ્થર મારી ખંડિત કરનારા મેહુલ ઠાકોર અને ભોલા ઠાકોરનું ખોખરા પોલીસે સરઘસ કાઢ્યુ હતું. પોલીસ બંને આરોપીને ઘટનાસ્થળે લઈને પહોંચી હતી અને ઘટનાનું રીકધસટ્રકશન કર્યું હતું. બંને આરોપીએ બાબાસાહેબ આંબેડકરની માફી માગી હતી. ઝોન ૫ ڤઝૅ, છઝૅ અને ઝોનના તમામ પીઆઈ બંદોબસ્તમાં હાજર હતાં.



આ અંગે સ્થાનિક મહિલા આગેવાન અનામિકાબેન મકવાણાને જણાવ્યું હતુ કે, પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે, પરંતુ હજી ત્રણ આરોપીની ધરપકડ કરવાની બાકી છે. આ આરોપીઓને પોલીસ દ્વારા જલ્દીથી જલ્દી ધરપકડ કરવામાં આવે. પોલીસ પોઈન્ટ અને સીસીટીવી કેમેરા મુકવાની પણ અમારી માંગ છે, જે માંગને જલ્દીથી પૂર્ણ કરવામાં આવે.

સ્થાનિક આગેવાન પ્રકાશભાઈ અને ગૌરાંગભાઈએ જણાવ્યું હતું કે, ડો. બાબાસાહેબ આંબેડકરની નવી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે. બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જેથી આંદોલન આજે પૂર્ણ કરવામાં આવ્યું છે. પરંતુ હજી ત્રણ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે, તેની જલ્દીથી જલ્દી ધરપકડ કરવામાં આવે સાથે સીસીટીવી કેમેરા લગાવવા અને પોલીસ પોઈન્ટ મૂકવાની પણ અમારી માગ છે.

દલિત આગેવાનો દ્વારા મૂર્તિનું અનાવરણ પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવતા સ્થાનિક રહીશો દ્વારા આજે બુધવારે સવારે ધરણાં પૂર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

## સાબરકાંઠા કલેક્ટર કચેરી ખાતે સુશાસન દિનની ઉજવણી કરાઈ

# તા.૨૫ ડિસેમ્બર-સુશાસન દિન-સહિયારા પ્રયાસથી વધુ સુદ્રઢ સેવાઓનો 'સંકલ્પ'

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૫

સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કલેકટર શ્રી ડો. રતન કંવર ગઢવી ચારણ ની ઉપસ્થિતિમાં અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સુશાસન દિનની ઉજવણી કરાઈ.



ભારતના પૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપાઈજીના જન્મદિન તા.૨૫ ડિસેમ્બરને સુશાસન દિન તરીકે ઉજવવામાં આવે છે. સહિયારા પ્રયાસથી વધુ સુદ્રઢ સેવાઓનો સંકલ્પ સાકાર કરવા તાલીમ અને વ્યવસ્થાઓ વધુ મજબૂત કરવાની રાજય સરકારની નેમ છે.

સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રી આ પ્રસંગે જણાવ્યું હતું કે,તા.૨૫ ડિસેમ્બર-સુશાસન દિન-સહિયારા પ્રયાસથી વધુ સુદ્રઢ સેવાઓનો સંકલ્પ કરી સૌ અધિકારીઓ કર્મચારીઓ લોક ઉપયોગી અને લુકાભીમુખ અભિગમ સાથે કામ કરે તે ઇચ્છનીય જેના માટે મુખ્યમંત્રી શ્રી આપણને ખૂબ જ સારું માર્ગદર્શન આપ્યું છે આપણે તેમના માર્ગદર્શન મુજબ કામ કરી સુશાસનની નેમ અમલી બનાવીએ.નાગરિકોને કેન્દ્રમાં રાખી વધુ સારી સેવાઓ અને માળખાકિય સુવિધાઓમાં ઉમેરો થાય તે મંત્ર સાથે કાર્યરત રાજય સરકાર દ્વારા વિવિધ પ્રકલ્પોની શરુઆત કરવામાં આવશે.

રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૬૦૦ થી વધુ વિવિધ સરકારી યોજનાઓની વિગતો આપતા મારી યોજના પોર્ટલનો પ્રારંભ કરાવ્યો હતો. રાજય સરકારના લોકાભિમુખ અને પારદર્શી વહીવટલક્ષી અભિગમને સાકાર કરતા અનેક વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. સુશાસન પરની ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિડિયોના માધ્યમથી રાજયભરના જિલ્લાઓ પણ જોડાયા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી (ઇ.ચા) અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પાટીદાર , પ્રાયોજના વહીવટદાર શ્રી સકસેના,પ્રાંત અધિકારીશ્રીઓ, સહિત વિવિધ કચેરીઓના અધિકારીશ્રીઓ- કર્મયોગીશ્રીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# વજન ઘટાડવા માટેની દવાને અમેરિકાએ આપી મંજૂરી

**આ દવા ઊંઘ દરમિયાન શ્વાસની તકલીફથી પીડાતા દર્દીઓ માટે બનાવવામાં આવી છે**

વૉશિંગ્ટન, તા.૨૫

મેદસ્વિતા જેને સ્થૂળતા પણ કહેવાય છે. આ પણ એક જાતની બીમારી જ છે જેનાથી પીડિત લોકો ભારે ત્રસ્ત રહે છે. હવે મેદસ્વિતાથી પીડાતા લોકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. અમેરિકાએ વજન ઘટાડવાની દવાને મંજૂરી આપી છે. તેને ટૂંક સમયમાં ભારતમાં પણ લોન્ચ કરવામાં આવી શકે છે. આ દવા ઊંઘ દરમિયાન શ્વાસની તકલીફથી પીડાતા દર્દીઓ માટે બનાવવામાં આવી છે. આ રોગને OSA તરીકે પણ ઓળખવામાં આવે છે. યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ તેને પ્રથમ વખત એન્ટિ-ડાયાબિટીક દવા તરીકે મંજૂરી આપી છે. તે Zepbound (Tirzepatide) તરીકે ઓળખાશે. પુખ્ત વયના લોકોમાં સ્થૂળતા-સંબંધિત OSA ને નિયંત્રિત કરવા માટે આ દવાને મંજૂરી આપવામાં આવી છે. જેનો ઉપયોગ વજન ઘટાડવા માટે પણ થાય છે.મધ્યમથી ગંભીર OSAની સારવાર હાલમાં મદદરૂપ શ્વસન ઉપકરણો જેમ કે CPAP અને Bi-Pap નો ઉપયોગ કરીને કરવામાં આવે છે. ઝેપબાઉન્ડ ઉત્પાદક એલોય લિલીએ જણાવ્યું હતું કે જો તમામ મંજૂરીઓ મળી જશે, તો અમે ભારતમાં આ ઈન્જેક્શનને 2025 સુધીમાં Mounjaro બ્રાન્ડના નામ હેઠળ લોન્ચ કરીશું. દવાની કિંમત હજુ નક્કી કરવામાં આવી નથી.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**વૃષભ (બ,વ,ઉ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીથુન (ક,છ,ઘ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :** જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

**મકર (ખ,જ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.


**કુંભ (ગ,શ,સ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

## ફિલ્મી ગપશપ

### કેટરિના છેલ્લા ૨૦ વર્ષથી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કામ કરી રહી છે

# કેટરિનાને વાળની માવજત માટે સાસુએ બનાવેલા તેલ પર ભરોસો



મુંબઈ, તા.૨૫

કેટરિનાના કાળા સુંદર વાળનું શ્રેય તેના સાસુ અને વિક્કી કૌશલના માતા વીણા કૌશલને જાય છે. તાજેતરમાં કેટરિનાએ આ અંગે એક ઈન્ટરવ્યૂમાં વાત કરી હતી. કેટરિના છેલ્લા ૨૦ વર્ષથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહી છે અને તેણે પોતાની મહેનતના જોરે પોતાનું સ્થાન બનાવ્યું છે. તેને ઈન્ડસ્ટ્રીમાં જેટલો પ્રેમ મળી રહ્યો છે એટલો જ પ્રેમ વિક્કીના પરિવાર તરફથી પણ મળી રહ્યો છે. તે ઘરમાં બધાં પ્રેમથી કિટ્ટો કહીને બોલાવે છે.૨૦૧૯માં કેટરિનાએ પોતાની કોસ્મેટિકર બ્રાન્ડ પણ શરૂ કરી છે અને તેથી ઘણા લોકો એવું માનતા હશે કે તે પોતે પણ આ પ્રકારના કોસ્મેટિકના ઉપયોગથી સુંદર દેખાય છે. આ વાત અમુક અંશે સાચી પણ હશે. પરંતુ તેના સુંદર કાળા વાળનું શ્રેય કેટરિના તેના સાસુ વીણા કૌશલને આપે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં કેટરિનાએ કહ્યું કે તેને બહાર ન જવાનું હોય અને ઘરમાં જ હોય તો એ મેકઅપ લગાવતી નથી. જો બહાર જવાનું થાય તો પણ તેને હળવો અને ઓછો મેક અપ કરવો જ ગમે છે. જ્યારે તેના વાળનું ધ્યાન તેના સાસુ રાખે છે. કેટરિનાએ ઈન્ટરવ્યૂમાં કહ્યું, “મને મારી ત્વચાની કાળજી રાખવી બહુ ગમે છે, કારણ કે મારી ત્વચા બહુ જ સંવેદનશીલ છે. મને રોજની કાળજી રાખવામાં મજા આવે છે. જમેકે મને ગ્વા શા ગમે છે, મને ખબર છે હું મોડી છું થોડી પણ મેં હમણા જ એનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે અને મને એ બહુ ગમે છે. મારા સાસુ મારા માટે ઘરે ડુંગળી, આમળા, એવોકાડો અને બીજી બે-ત્રણ વસ્તુઓ નાખીને એક તેલ બનાવે છે. ઘરે કરેલા ઉપચાર સૌથી સારી અસર કરે છે.”જ્યારે આ ઈન્ટરવ્યૂમાં પોતાના અને વિક્કીના સંબંધો વિશે વાત કરતા કેટરિનાએ કહ્યું કે વિક્કી બહુ જ સમજદાર છે અને મને અનુકૂળ થવાના ઘણા પ્રયત્નો કરે છે. સાથે એણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે તેનો બિઝનેસ ભલે સારો ચાલતો હોય પણ તેનાથી તે ફિલમોથી દૂર જશે નહીં. તેણે કહ્યું હતું કે તે પોતે એક એક્ટર છે અને એ એના અસ્તિત્વનો એક ભાગ બની ગયો છે. જોકે, છેલ્લા ઘણા સમયથી કેટરિનાના ફૅન્સ તેની કોઈ નવી ફિલ્મની રાહમાં છે.

# માઁ ઉમિયાના ગગનભેદી નાદ સાથે પંચદિવસીય મહોત્સવનો મંગલ પ્રારંભ

## આવતીકાલે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં વિશાળ કૃષિ સંમેલન

## ઉમિયાધામ મહોત્સવમાં વેણુ નદીના કાંઠે દરરોજ માતાજીની સહસ્ત્રદિપ આરતી :

## શુક્રવારે સવા લાખ બહેનો હથેળીમાં 'માઁ'ના નામથી મહેંદી મૂકી માતાજીની આરાધના કરશે

## પાંચ દિવસ દરમ્યાન લાખો લોકો આવશે

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૫

આજથી સીદસરમાં જગતજનની માઁ ઉમિયાના પ્રાગટયના ૧૨૫ વર્ષ નિમિત્તે પાંચ દિવસીય ઉમિયાધામ મહોત્સવનો શ્રધ્ધા અને ભકિત સાથે પ્રારંભ થયો છે. હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડયા છે. આજથી ૫ દિવસીય શ્રી ૧? શતાબ્દી મહોત્સવ ઉજવણીની સાથોસાથ સૌરાષ્ટ્રભરના અઢીલાખ થી વધુ પાટીદાર પરિવાર માટે સામાજીક વિકાસનો નૂતન પંથ નિર્માણ કરશે તેમ ઉમિયાધામ સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા અને ઉમિયાધામના ચેરમેન મૌલેશભાઈ ઉકાણીએ જણાવ્યુ હતું. માઁ ઉમિયાની ભકિત થકી સરસ્વતીની સાધનાના સંકલ્પ સાથે દસ જેટલા સંમેલનોમાં વિવિધ ક્ષેત્રના આગેવાનો સમાજને નવી રાહ ચિંધવા પ્રરીત કરશે. મા ઉમિયાના દર્શન, મહોત્સવનો લ્હાવો માણવા પાટીદાર સમાજનો માનવ મહેરામણ ઉમટી પડયો છે.

ઉત્સવ દરમ્યાન સિદસર ખાતે શ્રી ૧? શતાબ્દી મહોત્સવમાં સૌરાષ્ટભરના વિવિધ શહેરો તાલુકા તથા ગ્રામ્ય વિસ્તોરો માંથી દરરોજ લાખો ભાવીકો ભાગ લઈ માઁ ઉમિયાના ચરણોમાં શિશ ઝુકાવશે. પાંચ દિવસીય શ્રી ૧મ શતાબ્દી મહોત્સવ દરમ્યાન દરરોજ સાંજે મા ઉમિયાના મંદિર સામે આવેલ વેણું નદીના કાંઠે 'માઁ ઉમિયાની' સહસ્ત્રદિપ આરતી કરશે.





વેણુ નદીના કાંઠે ખાસ બનાવવામાં આવેલ 'વેણુઘાટ' ખાતે ભવ્યાતિભવ્ય આરતી થશે. આરતી સમયે માઁ ઉમિયાના પ્રાગટયની યશોગાથા સાથેનો લેસર શો યોજાશે. મહોત્સવની આયોજન કમિટીના ચેરમેન ચિમનભાઈ શાપરીયા, મહામંત્રી જયેશભાઈ પટેલ, સહમહામંત્રી કૌશીકભાઈ રાબડીયાના જણાવ્યા અનુસાર હરિદ્વાર ગંગાધાટે યોજાતી આરતી જેવો જ ભવ્યાતિભવ્ય અને મનોરમ્ય દશ્ય માઁ ઉમાની આરતી સમયે યોજાય તે માટે વેણુ નદીમાં લાઈટીંગ અને ડેકોરેશન લેસર શો સહીતનું આયોજન કરવામાં આવ્યુ છે.

ઉમિયાધામ સિદસર માં માઁ ના સાનીધ્યમાં યાત્રાળુઓ ભાવીકો આ આરતીના દર્શન અલૌકિક અને યાદગાર બની રહેશે.

શ્રી ૧ શતાબ્દી મહોત્સવનો કડવા પાટીદાર પરિવારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે. સિદસર ખાતે પાંચ દિવસીય મહોત્સવમાં દરમ્યાન વિવિધ સંમેલનો, વૈવિધ્ય સભર કાર્યક્રમો યોજાશે.

તા. ૨૭ને શુક્રવારે યોજાનાર મહિલા સંમેલનમાં જગત જનની માઁ ઉમિયાને આરાધવા કડવા પાટીદાર પરિવારની સવા લાખ બહેનો, દિકરીઓ, કુંવારિકાઓ પોતાની હથેળીમાં 'માઁ 'ના નામથી મહેંદી મુકી અવનવી રીતે માતાજીના મહોત્સવના હર્ષ અને ઉલ્લાસને પ્રર્દશીત કરી નવો વિક્રમ સર્જશે. મહિલા સંમેલનમાં બહેનો બહોળી સંખ્યામાં જોડાશે તેમજ ૧૨૫૦ જેટલી દિકરીઓ શિર પર ઝવેરા લઈ ઝવેરા યાત્રામાં જોડાશે. આ દિકરીઓનું પૂજન કરી તેમને પ્રસાદ રૂપે ખીર રોટલી તેમજ ભેટ આપવામાં આવશે.

સેવા અને સમર્પણ દ્વારા સમાજ વિકાસની ભાવના પ્રજજવલીત કરવા યોજાઈ રહેલ મા ઉમિયાના સિદસર ખાતેના મહોત્સવમાં ઉમિયા ભકતો દ્વારા વિક્રમજનક ચક્ષુદાન અને અંગદાન થાય તેવું આયોજન થઈ રહયું છે.સિદસર ખાતે શ્રી ૧? શતાબ્દી મહોત્સવમાં આવતા ભાવીકોમાં ચક્ષુદાન અંગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે મહોત્વમાં વિવિધ જગ્યાઓ પર ૧૫ બાય ૧૫ ના ૪ ડોમની વ્યવસ્થા કરવામાં આવી છે.

જેમાં યાત્રાળુઓને અંગદાન-ચક્ષુદાનનું મહત્વ સમજાવી સંકલ્પપત્રો ભરાવાશે. આ પ્રેરણાત્મક કાર્ય ડો. દિવ્યેશ વિરોજાના માર્ગદર્શન હેઠળ અંગદાન સમિતિના અધ્યક્ષ કિંજલભાઈ મણવર, ઉપાધ્યક્ષ રોનકભાઈ કડીવાર, મંત્રી સંદીપભાઈ સોલાધ્રા, સહમંત્રી વ્યોમેશભાઈ સંતોકી તેમજ ૪૦ સ્વયંસેવકોની ટીમ દ્વારા કરવામાં આવશે.

સિદસર ખાતે કાલે તા. ૨૬ ને ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે યોજાનાર કૃષિ સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમિયાધામ સિદસરના ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, ઉદ્દ્ઘાટક તરીકે ગુજરાત રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી મુખ્ય મહેમાન તરીકે કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલ, જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવરીયા, અતિથિવિશેષ તરીકે વિશ્વ ગુજરાતી સમજના પ્રમુખ સી.કે. પટેલ, ઉંઝાના પૂર્વ પ્રમુખ મણીભાઈ મમ્મી, અમદાવાદના કાંતિભાઈ રામ, પ્રહલાદભાઈ, પાટીદાર સમાજ અમદાવાદના પ્રમુખ મગનભાઈ જાવીયા, પાટીદાર સમાજ વડોદરાના પ્રમુખ મણીભાઈ વાછાણી, પાટીદાર સમાજ સુરતના પ્રમુખ વજુભાઈ માણાવદરીયા, પાટીદાર સમાજ મુંબઈના પ્રમુખ ગીરીશભાઈ ગોવાણી, સુરેન્દ્રનગરના પરસોતમભાઈ વરમોરા, મુંબઈના ભગવાનજીભાઈ હેદપરા ઉપસ્થિત રહેશે.

બપોર બાદ ૩ કલાકે યોજાનાર સામાજીક સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના પ્રમુખ બાબુભાઈ જમનાદાસ પટેલ, ઉદ્દ્ઘાટક તેમજ મુખ્ય વકતા તરીકે સાંસદ પરસોતમભાઈ રૂપાલા, મુખ્ય મહેમાન તરીકે સમુધિી યોજના-૨ ના મહાપદ્મ દાતા જીવનભાઈ ગોવાણી, અતિથિ વિશેષ તરીકે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદના પ્રમુખ આર.પી.પટેલ, ખોડલધામ કાગવડના પ્રમુખ નરેશભાઈ પટેલ, ઉમિયાધામ સુરતના પ્રમુખ જશુભાઈ પટેલ, સમસ્ત પાટીદાર સમાજ સુરતના પ્રમુખ વેલજીભાઈ શેટા, ઉમિયાધામ રાજકોટના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, સરદારધામ અમદાવાદના ગગજીભાઈ સુતરીયા, ઉમાધામ ગાંઠીલાના પ્રમુખ નિલેશભાઈ ધુલેશીયા, ઉમિયાધામ નાગપુરના પ્રમુખ જીવરાજભાઈ પટેલ, ઉમિયાધામ વાંઢાઈના પ્રમુખ હંસરાજભાઈ ધોળુ, ઉમિયાધામ મેંગલોરના પ્રમુખ મગનભાઈ ઘેટીયા, ઉમિયાધામ લીલીયાના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉમિયાધામ ચિત્રી રાજસ્થાનના પ્રમુખ રમેશભાઈ પાટીદાર, મહોત્સવના અન્નપૂર્ણા દાતા નંદલાલભાઈ માંડવીયા, મયુરભાઈ પરસાણીયા, રાજકોટના વલ્લભભાઈ વડાલીયા, નાથાભાઈ કાલરીયા, જૂનગઢના અગ્રણી કાંતીભાઈ ફળદુ, મોરબીના દુર્લભજીભાઈ દેથરિયા, શાપુરના વાલજીભાઈ ફળદુ, વિન્ટેલ ગ્રુપ મોરબીના કે.જી. કુંડારીયા, મોટો ગ્રુપ મોરબીના ત્રાંબકભાઈ ફેફર, વેલેન્સીયા ગ્રુપ મોરબીના ત્રિભોવનભાઈ વાંસજાળીયા, દુર્લભજીભાઈ એલ. રંગપરીયા, સુરતના ભગવાનદાસ કે. સવસાણી, અમદાવાદના કિશોરભાઈ વિરમગામા, રાજકોટના મુળજીભાઈ ભીમાણી, મુંબઈના હરિશભાઈ ભાલોડીયા, આર.સી.માકડીયા, કંચનબેન હદવાણી, ગીંગણીના રમેશભાઈ સાપરીયા, અમેરીકાથી અશ્વિનભાઈ જાવીયા, દિપકભાઈ ગોવાણી ઉપસ્થિત રહેશે. તેમ શ્રી ૧? શતાબ્દી મહોત્સવની પ્રેસ મિડીયા સમિતિના અધ્યક્ષ રમેશભાઈ ઘોડાસરા તથા મંત્રી રજની ગોલની યાદીમાં જણાવાયુ છે.

---

**બધા રસ્તામાં તકલીફ તોહોય જ..બધી તકલીફના રસ્તા પણ હોય જ છે.આજના સમયમાં મેળવવા કે ગુમાવવા કરતાં, જાળવી રાખવું મહત્વનું છે..**

# પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી, પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમે છે



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજે ઠંડા સુસવાટા મારતા પવનો વચ્ચે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આ જીવ સર્વ પ્રકારે સુખી થાય એ યોગ્ય નથી.એકાદ દુઃખ તો મનુષ્ય ના હૃદયમાં હોવું જ જોઈએ. કારણ કે દુઃખમાં જ ખાતરી થાય છે કે, ભગવાન વિના મારું કોઈ નથી. દરેક મહાન પુરુષ ઉપર દુઃખો આવ્યાં છે. પરમાત્માએ વિચાર્યું કે, પાંડવોને પૃથ્વીનું રાજ્ય મળ્યું છે, સંતતિ છે અને સંપત્તિ પણ પુષ્કળ છે. પાંડવોને આ સુખમાં કદાચ અભિમાન થશે તો તેમનું પતન થશે. આવા શુભ હેતુ માટે ઠાકોરજી કોઈ વખત નિષ્ઠુર બની જાય છે. સુખમાં પાંડવો સાન ભાન ન ભૂલે તેથી આ દુઃખ પ્રભુએ આપ્યું. ભગવાન જીવને ગુપ્ત રીતે દુઃખમાં મદદ કરે છે. તમે પણ પ્રભુ પાસે એકાદ દુઃખ તો માગજો.તે પછી અશ્વત્થામા અને અર્જુનનું યુદ્ધ થાય છે. અર્જુને અશ્વત્થામાને મારવાની પ્રતિજ્ઞા કરેલી છે, પણ મારવાની હિંમત નથી,ગુરુપુત્ર ગુરુનું સ્વરૂપ છે. અશ્વત્થામાને બાંધી અર્જુન તેને ખેંચીને દ્રૌપદી પાસે લાવ્યો. દ્રૌપદી આંગણામાં બેઠેલાં છે. પુત્રશોકથી રડે છે. અશ્વત્થામાની આ સ્થિતિ જોઈ દ્રૌપદી દોડયાં આવે છે,ને અશ્વત્થામાને વંદન કરે છે.કહે છે, મારા આંગણે બ્રાહ્મણનું અપમાન ન કરો. પોતાના પાંચે બાળકોને મારનારને દ્રૌપદી વંદન કરે છે.

આ સાધારણ વેરી નથી.પાંચ બાળકોને મારનારો વેરી આંગણે આવ્યો છે,છતાં તેને બ્રાહ્મણમાની દ્રૌપદી પ્રણામ કરે છે. તમારો વેરી તમારે આંગણેઆવ્યો હોય તો તમે જય શ્રીકૃષ્ણ કહેશો? વેરની શાંતિ નિર્વેરથી થાય છે, પ્રેમથી થાય છે, વંદનથી થાય છે. વૈષ્ણવ એ કે જે વેરનો બદલો પ્રેમથી આપે છે. જય શ્રીકૃષ્ણ કહેવાનો એ અર્થ છે કે,મને જે દેખાય તે શ્રીકૃષ્ણમય છે.

અશ્વત્થામા વિચારે છે, ખરેખર દ્રૌપદી વંદનીય છે.હું વંદનીય નથી અશ્વત્થામા કહે છે, દ્રૌપદી, લોકો જે તારાં વખાણ કરે છે તે ઓછાં છે.તું વેરનો બદલો પ્રેમથી આપેછે ધન્ય છે તને!જેનો સ્વભાવ અતિ સુંદર તે ભગવાનને વહાલો લાગે છે.શરીર જેનું સુંદર છે તે ઠાકોર જીને સર્વદા ગમતો નથી પણ જેનો સ્વભાવ સુંદર છે તે ઠાકોરજીને સર્વદા ગમે છે. સ્વભાવ સુંદર ક્યારે બને? અપકારનો બદલો ઉપકારથી આપે ત્યારે.. દ્રૌપદી બોલી ઊઠે છે, તેને છોડી દ્યો. મારશો નહીં. આ ગુરુ પુત્ર છે.જે વિદ્યા દ્રોણાચાર્ય પોતાના પુત્રને ન આપી તે તમને આપી.ગુરુનું ઋણ કદી ભૂલશો નહીં. બ્રાહ્મણ પરમાત્માનું સ્વરૂપ છે.ગાય લૂલી,લંગડી, વાંઝણી હોય તો પણ ગાયના શુકન મનાયા છે. ભેંસના શુકન માનવામાં આવતા નથી.ગાય અને બ્રાહ્મણ વંદનીય છે.

દ્રૌપદીએ દયાનું સ્વરૂપ છે. દયા સાથે જીવ ન પરણે,ત્યાં સુધી શ્રી કૃષ્ણ તેના સારથિ બનતા નથી. અર્જુન જીવાત્મા ગુડાકેશ અને શ્રીકૃષ્ણ હૃષીકેશ છે. એ જોડી આ શરીર રથમાં બેઠી છે. ઈન્દ્રિયો રૂપી ઘોડાઓનો રથ પ્રભુને સોંપશો તો કલ્યાણ થશે. ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. યુધિષ્ઠિર એ ધર્મ છે.ભીમએ બળ છે. સહદેવ-નકુલ બુદ્ધિ અને જ્ઞાન છે.આ ચાર ગુણ વાળો જીવ અર્જુન છે.આ ગુણો ક્યારે શોભે? જ્યારે દ્રૌપદી-દયા તેની પત્ની બને છે ત્યારે. જીવ-દયા દ્રૌપદી સાથે લગ્ન કરે છે ત્યારે.દ્રૌપદી ક્યારે મળે?ધર્મને મોટો માને ત્યારે પરમાત્મા સારથિ ત્યારે જ થાય કે ધર્મને મોટો માને. આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી. ધનને મોટું માને છે,પણ માનવ જીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે.ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઈએ.તમારે કોઈ કાર્ય કરવું હોય તો પહેલા ધર્મને પૂછજો. આ કાર્ય કરવાથી પાપ તો નહીં લાગે ને? તમે અર્જુન જેવું પવિત્ર જીવન ગાળશો તો,ભગવાન તમારા સારથિ થશે. પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી,પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમે છે.

દ્રૌપદીએ અશ્વત્થામાને બચાવ્યો. તેણે અર્જુનને કહ્યું, અશ્વત્થામાને મારશો તો તેની મા ગૌતમીને અતિ દુઃખ થશે. હું હજુ સધવા છું, અશ્વત્થામાની મા વિધવા છે.તે પતિના મર્યા પછી પુત્રના આશ્વાસ ને જીવે છે. કોઈના આશીર્વાદ ન લો તો કાંઈ નહીં પણ કોઈનો નિઃ સાસો લેશો નહીં.કોઈ નિઃસાસો આપે તેવું કૃત્ય કરતા નહીં. જગતમાં બીજાને રડાવશો નહીં, જાતે રડજો.રડવાથી પાપ બળે છે રડવાથી એક દિવસ પરમાત્મા કૃપા કરે છે. ત્યારે ભીમ અર્જુનને કહે છે, આ બાલહત્યારા ઉપર દયા હોતી હશે?અર્જુન વિચારમાં પડ્યા. છેલ્લે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, દ્રૌપદી કહે છે તે બરાબર છે. દ્રૌપદીના દિલમાં દયા છે.ભીમસેને કહ્યું કે,આતતાયીને મારવામાં પાપ નથી.

તેને શ્રીકૃષ્ણ જવાબ આપે છે, બ્રાહ્મણનું અપમાનએ મરણ બરાબર છે. માટે અશ્વત્થામાને મારવાની જરૂર નથી.તેનું અપમાન કરી કાઢી મૂકો.

અશ્વત્થામાનું મસ્તક કાપ્યું નહીં. તેના માથામાં જન્મસિદ્ધ મણિ હતો તે કાઢી લીધો. અશ્વત્થામા તેજહીન બન્યો. હવે મરવામાં શું બાકી રહ્યું? અપમાન મરણ કરતાં પણ વિશેષ છે.અશ્વત્થામાએ વિચાર કર્યો કે, આના કરતાં મને મારી નાખ્યો હોત તો સારું થાત! આ અપમાનનો બદલો હું લઈશ.

ઉત્તરાના પેટમાં ગર્ભ છે તે પાંડવો નો ઉત્તરાધિકારી છે. તે ગર્ભનો નાશ થાય તો પાંડવોના વંશનો નાશ થાય, એમ વિચારી ગર્ભ ઉપર તેણે બ્રહ્માસ્ત્ર છોડયું.

ઉત્તરા વ્યાકુળ થાય છે, હરિ સ્મરણ કરે અને હરિઆશ્રય લે તો ભગવાન માર્ગ બતાવે છે. બ્રહ્માસ્ત્ર ઉત્તરાના શરીરને બાળવા લાગ્યું. ઉત્તરા દોડતાં દોડતાં શ્રી કૃષ્ણ પાસે આવ્યા. શ્રીકૃષ્ણ ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિતનું રક્ષણ કરે છે. જીવ માત્ર પરીક્ષિત છે. સર્વનું ગર્ભમાં કોણ રક્ષણ કરે છે? જીવ માત્રનું રક્ષણ ગર્ભમાં ઈશ્વર કરે છે. બહાર આવ્યા પછી પણ જીવનું રક્ષણ ભગવાન કરે છે. ગર્ભમાં તો જીવાત્મા હાથ જોડીને પરમાત્મા ને સતત નમન કરે છે પણ બહાર આવ્યા પછી બે હાથ છૂટા થતાં તેનું નમન છૂટી જાય છે, પ્રભુને તે ભૂલી જાય છે.

ગર્ભાવસ્થામાં જીવનું રક્ષણ પરમાત્મા કરે છે,તે બાલ્યાવસ્થા માં પણ જીવનું પરમાત્મા જ રક્ષણ કરે છે. પણ જવાનીમાં માનવી ભાન ભૂલે છે. અક્કડાઈમાં ચાલે છે અને કહે છે કે હું ધર્મમાં માનતો નથી, ઈશ્વર માં માનતો નથી.

દ્રૌપદીએ ઉત્તારાને સારી શિખામણ આપેલી કે જીવનમાં દુઃખનો પ્રસંગ આવે ત્યારે શ્રીકૃષ્ણને શરણે જજે.તે તને જરૂર મદદ કરશે. તારા દુઃખની કથા દ્વારિકાનાથ સિવાય કોઈને કહેતી નહીં. તેથી ઉત્તરા રક્ષણ માટે પાંડવો પાસે ગયા નથી પણ પરમાત્મા પાસે ગયા છે.

ભગવાન કોઈના ગર્ભમાં જતા નથી.પરમાત્માની લીલા અપ્રાકૃત છે.દેવકીના પેટમાં ભગવાન ગયા નથી. દેવકીને ભ્રાંતિ કરાવી છે કે, મારા પેટમાં ભગવાન છે. પરંતુ આજે એવી જરૂર પડી હતી. આજે ભક્તનું રક્ષણ કરવું હતું એટલે પરમાત્માએ ગર્ભમાં જઈ રક્ષણ કર્યું. પરમ આશ્ચર્ય છે.

શ્રીકૃષ્ણે સુદર્શનચક્રથી બ્રહ્માસ્ત્રનું નિવારણ કર્યું, પરીક્ષિતનું રક્ષણ કર્યું. માતાના પેટમાં જ પરીક્ષિતને પરમાત્માનાં દર્શન થયા છે, તેથી પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે.

હવે દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થાય છે.કુંતાએ મર્યાદા ભક્તિ છે. સાધનભક્તિ છે. યશોદાએ પુષ્ટિભકિત છે.યશોદા નો બધો વ્યવહાર ભક્તિરૂપ હતો. પ્રેમલક્ષણા ભક્તિમાં વ્યવહાર અને ભક્તિનો ભેદ રહેતો નથી. વૈષ્ણવની દરેક ક્રિયા ભક્તિ બની જાય છે.

મર્યાદાભક્તિ પહેલાં આવે છે, તે પછી પુષ્ટિભક્તિ. મર્યાદાશક્તિ એ સાધન છે તેથી આરંભમાં આવે છે. પુષ્ટિભક્તિ એ સાધ્ય છે એટલે અંતમાં આવે છે. ભાગવતમાં નવમા સ્કંધ સુધી સાધન ભક્તિનું વર્ણન છે. દસમા સ્કંધમાં સાધ્ય ભક્તિનું વર્ણન છે. સાધ્ય ભક્તિ પ્રશ્ન બાંધે છે.પુષ્ટિ ભક્તિ ભગવાનને બાંધશે. તેથી કથા ભાગવતમાં છેવટે આવે છે. દરેક વ્યવહારએ ભકિતરૂપ બનાવે તે પુષ્ટિભકિત છે. નમન. ભકિત માર્ગમાં ભગવદ્ વિયોગ સહન થતો નથી.વૈષ્ણવ તે છે જે પ્રભુના વિરહમાં બળે છે. દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થયા.એ જોઈ કુંતાજીનું હૃદય ભરાયું. જે રસ્તે ભગવાનનો રથ જવાનો હતો, તે રસ્તામાં આવી કુંતાજી હાથ જોડીને ઊભા. પ્રભુએ દારુક સારથિને રથ ઊભો રાખવા કહ્યું. ફઈબા અત્રે માર્ગમાં કેમ ઊભા છે?કુંતાજીને જોઈ પ્રભુ રથમાંથી નીચે ઊતર્યા. કુંતાજી વંદન કરે છે.

રોજનો નિયમ તો એવો હતો કે, ભગવાન કુંતાને પ્રણામ કરે ત્યારે આજે કુંતાએ ભગવાનને વંદન કર્યા. પ્રભુ કહે છે, તમે આ શું કરો છો?હું તો તમારા ભાઈનો દીકરો છું.તમે મારાવડીલ છો.તમે પ્રણામ કરો એ ન શોભે. કુંતાજી કહે છે, આજદિન સુધી હું માનતી હતી કે તમે મારા ભાઈના પુત્ર છો. આજે સમજાયું કે, ના, તમે ઈશ્વર છો. યોગીઓ તમારું દયાન કરે છે. તમે સર્વના પિતા છો.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત છેલ્લે જોઈએ તો આજે એકસોમી જન્મ જયંતિએ સ્વ.અટલ બિહારી વાજપેયીજીને શ્રાધ્ધ સુમન અર્પણ કરીએ.સાથે નાતાલ ક્રિસમસની શુભેરછા સાથે બધા રસ્તામાં તકલીફ તો હોય જ.. બધી તકલીફના રસ્તા પણ હોય જ છે.

આજના સમયમાં મેળવવા કે ગુમાવવા કરતાં,જાળવી રાખવું મહત્વનું છે..

અમુક સંબંધ કપાસના ફૂલ જેવા હોય છે..ભલે સુગંધ નથી આપતા પણ વસ્ત્ર બની આપણી ઈજ્જત ઢાંકે છે...અસ્તુ.

★બધા રસ્તામાં તકલીફ તો હોય જ..બધી તકલીફના રસ્તા પણ હોય જ છે.આજના સમયમાં મેળવવા કે ગુમાવવા કરતાં,જાળવી રાખવું મહત્વનું છે..★

## રૂપિયા ૫.૨૦ લાખની vividh ધિરાણ સહાય હેઠળ સાત સહકારી મંડળીઓને ચેક અર્પણ કરવામાં આવ્યા

# મહેસાણા ખાતે સાંસદ હરિભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સહકારથી સમૃદ્ધિનો કાર્યક્રમ યોજાયો : નવીન એમ-પેક્સ, ડેરી સોસાયટીઓને સહાય અપાઈ





(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

ભારત સરકારશ્રીના સહકારિતા મંત્રાલયના 'સહકાર થી સમૃધ્ધિ' ના વિઝનને સાકાર કરવા તમામ પંચાયત/ગામોમાં M-PACS, Dairy અને Fishery ની રચના કરવાના કરેલ નિર્ણય પરત્વે દેશમાં નવી રચવામાં આવેલ ૧૦,૦૦૦ M-PACS, Dairy અને Fishery મંડળીઓ સબંધે ભારત સરકારશ્રી દ્વારા ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમીતભાઈ શાહના અધ્યક્ષસ્થાને આજરોજ ૧૦,૦૦૦ નવી M-PACS, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓનું ઉદ્ઘાટન, M-PACS, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓ માટે તાલીમ મોડયુલનો પ્રારંભ અને સહકારી મંડળીઓને રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર/રૂપે કેસીસી/માઈક્રો એટીએમ વગેરે સોંપવાના કાર્યક્રમો થયા હતા.

જે પૈકી આજ રોજ મહેસાણા દૂધસાગર ડેરી ખાતે લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સહકારથી સમૃદ્ધિ નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં રૂ. ૫.૨૦ લાખની vividh ધિરાણ સહાય હેઠળ સાત સહકારી મંડળીઓને ચેક અર્પણ કરવામાં આવ્યા તેમજ પાંચ નવી નોંધાયેલા સેવા સહકારી મંડળીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.સહકારથી સમૃદ્ધિના આ કાર્યક્રમમાં સાંસદ્શ્રી હરિભાઈ પટેલ સાથે ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ અનેધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર તેમજ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી, જિલ્લા રજીસ્ટાર શિવપાલસિંહ ઝાલા સહિતના વિવિધ સહકારી સભાસદો તેમજ સોસાયટીના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા......

દૂધસાગર ડેરી ખાતે મોતીભાઈ હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના ઉદબોધનને નિહાળ્યું હતું.

## વી.એસ.કેમ્પસ વટવા ખાતે વિદ્યાર્થીઓ માટે 'ક્રેઝી કાર્નિવલ તેમજ વિજ્ઞાન-વેપાર મેળા'નું આયોજન કરાયું

(ભવર કેલ્લા) અમદાવાદ તા.૨૫

આજે અમદાવાદના ડેરીયા,વટવા ખાતે વી.એસ.કેમ્પસ દ્વારા વિદ્યાર્થીઓ અને બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ, વેપાર કૌશલ્ય અને રચનાત્મક અભિગમનાં વિકાસની સાથે-સાથે સર્જનાત્મકતા તથા ઉદ્યમતાના ગુણોને વિકસાવવા માટે "ક્રેઝી કાર્નિવલ તથા સાયન્સ-વેપાર મેળાને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.આ મેળાની મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ, બાળકો, શિક્ષકો અને લોકોએ મુલાકાત લીધી હતી.આ કાર્નિવલ વિજ્ઞાન-વેપાર મેળામાં વિદ્યાર્થીઓ માટે જુદા-જુદા સ્ટોલોના માધ્યમથી વિજ્ઞાન અને વેપાર અંગેનું




માર્ગદર્શન વી.એસ.કેમ્પસના ટ્રસ્ટી શ્રી સુનિલ પટેલ, શૈક્ષણિક ડાયરેક્ટર શ્રી વિજય મારુ, શ્રી મનીષ રાવલ, શાળાનાં આચાર્ય શ્રી ખ્યાતિબેન પંડ્યા, શ્રી કપિલભાઈ ગોયલ, પ્રિ-શાળાનાં આચાર્ય શ્રી કીર્તિબેન શિક્ષકો અને તજજ્ઞો દ્વારા આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, સાથે-સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## સુઇગામ ખાતે ભાજપ સુશાસન દિવસની ઉજવણી અને તાલુકા પ્રમુખના સન્માનનો કાર્યક્રમ યોજાયો

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૫

તાલુકા મથક સુઇગામ ખાતે રાજેશ્વર મહાદેવના મંદિરની સામે હોલમાં બુધવારે ભાજપના સુશાસન દિવસની ઉજવણી,પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈ ના જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી અને સુઈગામ તાલુકાના નવીન તાલુકા પ્રમુખ લખમણભાઈ ચૌધરીનો સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો,જેમાં પૂર્વ તા.પ્રમુખ પીરાભાઈ ગામોટ, નરસિંહભાઈ ભાટા, અનુ.જાતિ મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ રમેશભાઈ જાખેસરા,પૂર્વ જી.પંચાયત સદસ્ય રામજીભાઈ રાજપૂત,પૂ.જી.પંચાયત સદસ્ય રામચંદજી ઠાકોર, પૂ.તા.પંચાયત પ્રમુખ સરતાનભાઈ દેસાઈ, આંબાભાઈ વેંઝિયા,વિક્રમસિંહ જાડેજા,




ઠાકરશીભાઈ રબારી,સુઈગામ પૂર્વ સરપંચ વીહાજી રૂપાણી, અગ્રણીઓ વીહાજી રાજપૂત,બાવાભાઈ પટેલ, ડો.બીપીનભાઈ ત્રિવેદી ભાજપના વરિષ્ઠ અગ્રણીઓ,તાલુકાના કર્મઠ કાર્યકર્તાઓ, ઉપસ્થિત રહ્યા હતા,આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ જણાવ્યું હતું કે પાર્ટીએ નાનામાં નાના કાર્યકર્તાની કદર કરી લખમણભાઈ ચૌધરીને તાલુકા મંડળના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે,એ તમામ કાર્યકર્તાઓને સાથે રાખી તાલુકાના વિકાસમાં સતત પ્રયત્નશીલ રહે,તાલુકાના વિકાસ સાથે સંગઠન મજબૂત થાય,તેના પર ભારપૂર્વક કામ કરવા અપીલ કરી હતી,સાથે તાલુકાના તમામ કાર્યકરોએ નવોદિત મંડળ પ્રમુખ લખમણ ભાઈ પટેલે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ મારા પર વિશ્વાસ કરી મને જે જવાબદારી આપી છે,તેમાં તમામ કાર્યકર્તાઓ સાથે રહી સહયોગ કરે અને બધા ભેગા મળી તાલુકાનો વિકાસ થાય તે માટે અપીલ કરી હતી,આ પ્રસંગે નવોદિત પ્રમુખનું ઉપસ્થિત કાર્યકરો દ્વારા સાફો પહેરાવી સાલ ઓઢાડી હારતોરા કરી સન્માન કર્યું હતું,અને તમામે શુભકામનાઓ પાઠવી હતી.

## માવસરી પોલીસે ૩૧ ડિસે.ને લઈ બોર્ડર ઉપર ૩ ચેકપોસ્ટ શરૂ કરી

(ગરવી તાકાત) વાવ તા.૨૫

વાવ તાલુકાના માવસરી પોલીસ સ્ટેશન વિસ્તાર રાજસ્થાન સરહદને અડીને આવેલ હોઈ રાજસ્થાન માંથી દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં ના આવે તેમજ લોકો દારૂ પીને પ્રવેશ ના કરે તે માટે ત્રણ ચેક પોસ્ટો ગોઠવી સઘન વાહન ચેકિંગ હાથ ધરાયું છે.૩૧મી ડિસે.ને લઈને ૧.માવસરી બાખાસર રોડ ઉપર ૨.મીઠાવી ચારણ ૩. દૈયપ ત્રણ રસ્તા જે જગ્યાએ ચેકપોસ્ટ ગોઠવી ત્યાં પોલીસ હોમગાર્ડ, જીઆરડીના માણસો ગોઠવીને રાજસ્થાન બાજુથી આવતા વાહનો જેમાં કોઈ વાહન



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

ગેરકાયદેસર કે શંકાસ્પદ જણાવી આવે તો તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ગુનો દર્જ કરવો તેમ જ ગુજરાતમાં આવતો દારૂ અફીણ ચરસ ગાંજો કેવી નશાયુક્ત ચીજવસ્તુઓની હેરાફેરી અટકાવવા માટે માવસરી પોલીસ સ્ટેશન તરફથી સઘન સુરક્ષા વધારી છે.

## કડીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તૈયાર થયેલા અદ્યતન સિટી સિવિક સેન્ટરનું કરાયેલ ઈ-લોકાર્પણ

(ગરવી તાકાત) કડી તા.૨૫

નગરજનોને ઘરઆંગણે એક જ સ્થળે સુવિધાઓ મળી રહે તે માટે રાજ્ય સરકારનો પ્રજાલક્ષી અભિગમ સિટી સિવિક સેન્ટર ને ગણાવતા તેમણે જણાવ્યું કે, સિટી સિવિક સેન્ટર બનવાથી નાગરીકો ને આ સુવિધા મય સરનામા અંતર્ગત લગ્ન નોંધણી, મિલકત વેરો,વ્યવસાય વેરો તથા વ્યવસાય વેરાનું રજિસ્ટ્રેશન, હોલ બુકિંગ, જન્મ/મરણ પ્રમાણપત્ર, ગુમાસ્તા ધારાની નોંધણી, વાહન કર, મકાનના નકશાની મંજૂરી બિલ્ડીંગ પ્લાન ની મંજૂરી, આરોગ્ય અંગેના લાઈસન્સ, લારી ફેરિયા અંગેના લાઈસન્સ, માહિતી અધિકાર સ્વીકૃતિ, કર વિભાગની અરજીની સ્વીકૃતિ, સ્વિમિંગ પૂલ અને જીમની ફી સ્વીકૃતિ, ફાયર (એનઓસી) એપ્લીકેશન તથા અન્ય સેવાઓનું પણ સિવીક સેન્ટર ખાતે આવરી લેવાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની ૩૪ નગરપાલિકાઓમાં




સિટી સિવિક સેન્ટરનું ઈ-લોકાર્પણ કર્યું હતું. જેમાં કડી દેત્રોજ રોડ ઉપર આવેલ પુસ્તકાલય કાર્યલય ખાતે ઈ લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. આ ઈ-લોકાર્પણ પ્રસંગે કડી ના ધારાસભ્ય કરશનભાઈ સોલંકી ઉપસ્થિત રહીને સિટી સિવિક સેન્ટર લોકોને સમર્પિત કર્યું હતું.

કડી યોજાયેલા લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય કરશનભાઈ સોલંકી જણાવ્યું હતું કે, સરકાર લોકોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે જ આજરોજ સિટી સિવિક સેન્ટરનું કડી ખાતે ઈ - લોકાર્પણ કરવામાં આવ્યું છે. જેના કારણે હવે કડી વિસ્તારના નગરવાસીઓ ને નગરપાલિકા સુધી કોઈપણ પ્રકારના કામગીરી માટે ધક્કો ખાવો નહીં પડે. આમ લોકોનો સમય અને ખર્ચ બચશે.

## મોબાઇલ ફોન તેમજ સીમ કાર્ડના વેચાણ અને એક્ટીવેશન સમયે ફોનના રીટેઈલરોએ ધ્યાનમાં રાખવાની અનેક બાબતો

(ગરવી તાકાત)હિંમતનગર તા.૨૫

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવે છે કે ત્રાસવાદી/સામાજિક તત્વો ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અને અંકુશમાં મુકી શકાય તે માટે રાજયમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમ કાર્ડનો ઉપયોગ કરતા હોય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા પર કોઈ ચોક્કસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. જેથી આ અંગે જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ વેચવાના કિસ્સા અવાર નવાર ધ્યાને આવતા રહે છે જેથી આ પ્રકારની પ્રવૃતિ પર અંકુશ રાખી શકાય તે માટે, મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થા બંધ વેપારીઓને આપવામાં આવતા સીમ કાર્ડનંબરોનું રજિસ્ટર એરીયા વાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું, ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થા બંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમ કાર્ડના નંબરોનું રજીસ્ટર રીટેલઈરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબરનું સીમ કાર્ડ કઈ વ્યક્તિને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની વિગતવાર નોંધ કરવી,



મોબાઈલ કંપનીઓએ તેમના સીમ કાર્ડનું વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટરોએ અને તેના રીટેઈલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલીસ સ્ટેશન તેમજ પોલીસ અધિક્ષકની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી, સીમ કાર્ડ ખરીદવા આવનાર વ્યક્તિ જે દસ્તાવેજો આપે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવાની જવાબદારી રીટેઈલરની રહેશે તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈ કાર્ડ ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી, મોટા ભાગે દસ્તાવેજોની ખરાઈ કરવા માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી મોબાઈલ કંપનીઓએ સ્થાનિક પોલીસને આપવી, મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમ કાર્ડ કોઈ પણ ફેરીયા કે પાનના ગલ્લા વાળાઓને આપતા હોય છે જે ખુબ ગંભીર બાબત છે જેથી આવા સીમ કાર્ડનું વેચાણ ફક્ત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એક્ટ હેઠળ નોધાયેલ લાઈસન્સ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી, મોબાઈલ કંપનીઓએ કોઈ પણ સીમ કાર્ડનું એક્ટીવેશન કરતા પહેલાં સીમ કાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમ કાર્ડ એક્ટીવ કરવું,એસ.ટી.ડી પી.સી.ઓએ કોલની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલ માટે પણ નામ સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવું.

આ જાહેરનામું તા. ૨૪/૦૨/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# સંક્ષિપ્ત સમાચાર

## મહેસાણા તાલુકાના દેલોલી ગામે પ્રાકૃતિક ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત મહેસાણા તાલુકાના દેલોલી ગામે ગતરોજ પ્રાકૃતિક ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઈ હતી. પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત ટેકનિકલ માસ્ટર ટ્રેનર અને ફાર્મર માસ્ટર ટ્રેનર દ્વારા લોકોને વિવિધ કૃષિ ની યોજના , પ્રાકૃતિક ખેતી ના ફાયદા અને તેનાથી આરોગ્ય પર શુ અસર થાય છે તેની અંગેની માહિતી આપ વામા આવી હતી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના પ્રાકૃતિક કૃષિના વેગને ધ્યાનમાં લઈને લોકો વધારેમાં વધારે પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે સમગ્ર રાજ્યની સાથે મહેસાણા જિલ્લામાં પણ પ્રયત્નો થઈ રહ્યા છે. જે પૈકી દેલોલી ગામમાં પણ બીજા મૃત અંગેની માહિતી આપવામાં આવી હતી.

પ્રાકૃતિક કૃષિ ખેડૂત પશુપાલકો અને ગ્રામજનોને માહિતી પૂરી પાડવામાં આવી હતી જેમાં પ્રાકૃતિક ખેતી થી જમીન માં સુધારો થાય છે ભેજ સંગ્રહ શક્તિ વધે છે તેમજ અળસિયા નો ઉપદ્રવ થાય તેના કારણે જમીન પોચી બને છે એ પણ સમજાવાયુ હતુ તેમજ ફાર્મર માસ્ટર ટ્રેનર ધર્મેન્દ્રસિંહ ઝાલાએ તાલીમમાં વિગતો પૂરી પાડી હતી એમ આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર દીપાલીબેન લેઉઆ એ જણાવ્યું હતુ.

## પ્રજ્ઞા માસ્ટર ટ્રેનર્સ માટે તાલીમ વર્ગ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બર ના રોજ સમગ્ર શિક્ષા, ગાંધીનગર પ્રેરિત સમગ્ર શિક્ષા, મહેસાણા દ્વવારા આયોજીત જિલ્લા કક્ષાના માસ્ટર ટ્રેનર્સ માટેના પ્રજ્ઞા ધો. ૧/૨ ના તાલીમ વર્ગો યોજાયા.બી. આર. સી. ભવન, વિસનગર અને બ્રાઈટ સ્કૂલ, મહેસાણા એમ કુલ ત્રણ વર્ગો મા તાલીમ યોજવામાં આવી. જેમાં મોનીટરીગ મા સ્ટેટ કક્ષાએ થી રિઝવાના મિર્જા મેડમ અને મહેસાણા જિલ્લા કક્ષાએ થી મુકેશસિંહ રાઠોડ (ટી. ટી) દ્વારા ત્રણે તાલીમ વર્ગો ની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં આ તમામ વર્ગો ની મુલાકાત લેતા તમામ વર્ગો ની કામગીરી જોઈને ખૂબ જ ખુશ થયા હતા. અને શિક્ષકો સાથે સાહિત્ય વિશે ની ચર્ચા પણ કરવામાં આવી હતી. અને જરૂરી પ્રતિભાવ મોકલવા માટે ની પણ સૂચના આપેલ હતી.

## જગાણા શાળાના આચાર્યની બદલી થતાં ભવ્ય વિદાય અપાઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

પાલનપુર તાલુકાના જગાણા પ્રાથમિકશાળામાં આચાર્ય તરીકે છેલ્લા સાત વર્ષથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા દેવરામભાઈ પટેલ દ્વારા વિધાર્થીઓનું ઉજવળ ભવિષ્ય બનાવવા માટે તમામ મહેનત કરવામાં આવી હતી સાત વર્ષ સુધી શાળામાં લાખોથી ઉપરાંત શાળામાં વિધાર્થીઓના વિકાસ માટે અને શાળા માટે દાન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે કુમકુમ તિલક કરીને સાફો બાંધી અને શાલ, સન્માનપત્ર આપી અનેરો વિદાય સમારંભ યોજાયો હતો નવ નિયુક્ત આચાર્ય આવેલ રતનશીભાઈ પટેલનું પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ મુળજીભાઈ દેસાઈ, સમારંભના મુખ્ય મહેમાન ડો.વિનુભાઈ પટેલ, કાર્યક્રમના અતિથિ વિશેષશ્રીઓ ભરતદાનજી ગઢવી,ચંપકલાલ લિમ્બાચીયા અને ગજેન્દ્રભાઈ જોશીની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ ગુરૂમહારાજના પરિસરમાં યોજાયો હતો તેમાં રતીભાઈ લોહ,દિલીપભાઈ કરેણ,નગિનભાઈ રાઠોડ, ગોવિંદભાઈ પરમાર, રમેશભાઈ મકવાણા,પ્રેમજીભાઈ ચૌધરી, કમલેશભાઈ ગૌસ્વામી તેમજ ગામના આગેવાનો, યુવાનો, પૂર્વ વિધાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

Volume : 10 Issue : 265 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002